પ્રાંતિજ ખાતે સ્વાકો આયુર્વેદિક પ્રોડકસ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓને વિનામૂલ્યે આપવામા આવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્વાકો આયુર્વેદિક પ્રોડકસ આચાર્ય મેડિકેર LLP કંપની તરફથી અંબાજી જતા પદયાત્રીઓને કંપની ની વિવિધ પ્રોડકસ નુ વિનામુલ્યે વિતરણ કરવામા આવ્યુ હતુ. તલોદ જીઆઈડી ખાતે આવેલ સ્વાકો આયુર્વેદિક પ્રોડકસ આચાર્ય મેડિકેર LLP કંપની તરફથી અંબાજી તરફ પગપાળા જતા પદયાત્રીની સેવાને લઈ ને પ્રાંતિજ ના જેસગપુરા પાસે ઉભા રહીને કંપનીની યાત્રિકોને જરૂરિયાત પ્રોડકસ જેવીકે વિકસ , મલમ , દુખાવા માટેનુ તેલ , બામ સહિત ની કંપની ની પ્રોડકસ નુ કંપની દ્વારા અંબાજી જતા પદયાત્રીઓને વિનામુલ્યે વિતરણ કરવામા આવ્યુ હતુ તો કંપની દ્વારા પાણીની બોટલ નુ વિતરણ પણ કરવામા આવ્યુ હતુ તો ખરેખર જરૂરીયાત પદયાત્રીઓને ખરા સમયેજ સ્વાકો આયુર્વેદિક કંપની વિવિધ પ્રોડકસ મળી રહેતા અંબાજી જતા પદયાત્રીઓએ કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો તો આ પ્રસંગે પરાગભાઈ ત્રિવેદી , પ્રશાંતભાઈ ત્રિવેદી સહિત કંપના સ્ટાફ ઉપસ્થિત રહીને સેવાનો લાભ લીધો હતો.

ડીસામાં ગણપતિ મહોત્સવ અંતર્ગ મહા આરતી સાથે છપ્પન ભોગનો મહા પ્રસાદ ધરાવાયો

સમગ્ર ગુજરાતમાં ગણપતિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે અને ગુજરાતનાં દરેક શહેર અને ગ્રામિણ વિસ્તારો ગણપતિ બાપ્પા મોરયાના નાદથી ગુંજી ઉઠ્યા છે. ત્યારે ડીસા શહેરમાં આવેલ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રિદ્ધિ સિદ્ધિ મિત્ર મંડળ લોધા (આશિયા) પરિવાર દ્વારા પણ પ્રથમ વખત ગણપતિ બાપ્પાની મુર્તીની સ્થાપના કરી ભવ્ય રીતે ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ગણેશ ચતુર્થીના દિવસે સ્થાપના કરાયાં બાદ રોજબરોજ રાસ ગરબા સાથે આરતી અને પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આજે સોસાયટીના રહીશો દ્વારા ગણપતિ મહોત્સવમાં મહા આરતી સાથે છપ્પન ભોગના મહા પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં દરેક સોસાયટીના રહીશો સાથે મળીને ગણપતિ બાપ્પાની મુર્તીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. સાથે આજે મહા પ્રસાદના આયોજનમાં છપ્પન ભોગ પ્રસાદમાં ફુટ ચોકલેટ શિરો ચોકલેટ સહિત અનેક વાનગીઓ સાથે મહા પ્રસાદ ગણપતિ બાપ્પાએ ધરાવી મહા પ્રસાદનુંવિતરણ કરવામાં આવ્યુંહતું. જેમાં સોસાયટીના રહીશો મોડીરાત્રે સુધી ડીજેના તાલ સાથે ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે ત્યારે દાતાઓ દ્વારા ખેલૈયાઓને ફળાહાર તેમજ નાસ્તો આપવામાં આવી રહ્યો છે આમ પ્રથમ વખત ગણપતિ મહોત્સવને લઈને સોસાયટીના રહિશો અને આયોજકોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે જેથી વિશ્વકર્મા નગર ગણપતિ બાપ્પા મોરિયાનાં નાદથી ગુંજી ઉઠ્યું છે.

વાંટડા પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા બાળકોને એક દાતાએ પગરખાંનું દાન આપ્યું

મોડાસા તાલુકાની વાંટડા (સરડોઈ) પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને હિંમતનગરના ભારતીબા ઈંદ્રજીતસિંહ ચાવડાએ ૧૩૦ ચપ્પલનું વીતરણ કરતા બાળકો ખુશી થી ઝૂમી ઉઠ્યા હતા શાળા પરિવારે ચપ્પલના દાતા ભરતીબાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં પાસ - બારી પાસે છાંયળા માટે શેડ અને રેલિંગની વ્યવસ્થા કરવા વિધાર્થીઓ સહિત રોજીંદા મુસાફરોની બળવત્તર માંગ ઉદ્ધવી

હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં એસ.ટી.બસનો વિધાર્થી અને મુસાફરી પાસ કઠાવવા માટે વિધાર્થીઓ અને મુસાફરો હેરાન - પરેશાન થઈ રહ્યા છે. છાંયળા માટે શેડ અને રેલિંગની યોગ્ય વ્યવસ્થા કરવા બળવત્તર માંગણી ઉદ્ધવી છે.ચોમાસા દરમિયાન વિધાર્થીઓ વરસાદમાં પલળી જાય છે.અસહ્ય કાળઝાળ ગરમી દરમિયાન વિધાર્થીઓ પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.ગરમીના કારણે વિધાર્થીઓને ચક્કર આવતા હોય ત્યારે બેભાન થઈ જાય છે.ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં પાછળના ભાગે એસ.ટી.બસો અવર-જવર કરતી હોય ત્યારે વિધાર્થીઓને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.એસ.ટી.બસની પાસ - બારી પાસે સત્વરે છાંયળા માટે શેડ અને રેલિંગ વ્યવસ્થા કરવી જોઈએ તેવો સુર જાગૃત વિધાર્થીઓ અને મુસાફરોએ વ્યક્ત કર્યો હતો.ભિલોડામાં એસ.ટી.બસ ડેપો કરોડોના ખર્ચે નવિન બન્યો પરંતુ ક્યાંક ને ક્યાંક અસુવિધાઓને કારણે મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા છે.પીવાના પાણીની પરબ શોભાના ગાંઠીયા સમાન છે.

ધાનેરામાં આવેલ સક્સેસ સ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી



ધાનેરા માં આવેલ સક્સેસ સ્કુલ માં શિક્ષક દિન નિમિત્તે શાળાના બાળકો શિક્ષક તેમજ આચાર્ય બનીને બાળકોને અધ્યાપન કાર્ય કરાવ્યું હતું ૫ મી સપ્ટેમ્બર ના રોજ ભારતના ભારતરત્ન એવા ડો સર્વપલ્લી રાધાકૃષ્ણન ની જન્મદિનની યાદમાં સમગ્ર ભારતમાં હર્ષ અને ઉલ્લાસભેર શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. અને બાળકોને આ દિવસ એક દિવસીય શિક્ષણકાર્ય કરાવીને આનંદ અનુભવ્યો હતો. અંતે શિક્ષક બનેલા દરેક બાળકને શાળા પરિવાર તરફથી ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અંબાજી દુર હૈ.... જાના જરૂર હૈ.... અદમ્ય ઉત્સાહ સાથે અંબાજી તરફ ચાલતા માઇભક્તો.....

દાંતા-અંબાજીના ડુંગરાઓમાં જામતી ભાદરવી મહામેળાની શાનદાર જમાવટ

પાલનપુર તા.૬

જગત જનની માં જગદંબાના પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ૫૧ શક્તિપીઠ પૈકી જ્યાં માનું હૃદય બિરાજમાન છે ત્યાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અરવલ્લીની ગિરિમાળાઓમાં જગદંબા બિરાજમાન છે.

વર્ષોની પ્રાચીન પરંપરા મુજબ પ્રતિ વર્ષે ભાદરવી પૂનમે દેશના ખૂણે ખૂણેથી ભક્તો ચાલતા પગપાળા અનેક કષ્ટો વેઠીને દર્શનાર્થે આવે છે. છેલ્લા બે વર્ષના કોરોના દરમિયાન રાજ્ય સરકાર તરફથી અંબાજી નો ભાદરવી પૂનમનો મેળો રદ કરાયો હતો જ્યારે ચાલુ વર્ષે ભાદરવી પૂનમના મહા મેળાનું રાજ્ય સરકાર અને બનાસકાંઠા વહીવટી તંત્ર તરફથી સુંદર આયોજન કરાયું છે.

ગત તારીખ પાંચમી સપ્ટેમ્બર ના રોજ ઈતિહાસમાં સૌ પ્રથમવાર આદિવાસી બાળાઓના હસ્તે અને મંદિરના ચેરમેન કમ કલેકટર આનંદ પટેલ પ્રાંત અધિકારી દાંતા બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ સહિત અનેક અગ્રણીઓ માતાજીના રથને મંદિર તરફ પ્રયાણ કરાવ્યું હતું. બોલ મારી અંબે જય જય અંબે નાનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાની શાનદાર જમાવટ થઈ રહી છે. અંબાજી તરફ જતા તમામ રસ્તાઓ પર માઈભક્તો ગરબાની રમઝટ સાથે આગળ વધી રહ્યાં છે. આ વર્ષે થયેલા સાર્વત્રિક સારા વરસાદને લીધે ગરમીથી લોકોને રાહત મળતાં માઈભક્તો અદમ્ય ઉત્સાહ સાથે અંબાજી તરફ ચાલી રહ્યા છે. અંબાજી વિસ્તારના ડુંગરાઓ સોળે કળાએ ખીલ્યા હોવાથી પ્રકૃતિના સાંનિધ્યમાં હવે અંબાજી મુકામે મિનીકુંભનો માહોલ સર્જાશે.

બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે ઠેર ઠેર વિશાળ પ્રમાણમાં સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે.

જાયન્ટ્સ પરીવાર મોડાસા અને શ્રી લલીતાબા બી.એડ કોલેજ મોડાસા દ્વારા ગણપતિ વિસર્જન કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૬

સમગ્ર ભારત મા ગણપતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે અંતર્ગત ગુજરાત રાજયનો અરવલ્લી જિલ્લો ગણપતિ મય બન્યો છે ત્યારે શ્રી લલિતાબા સોની બી.એડ. કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓ દ્વારા ગણપતિ દાદા ની સ્થાપન કરવામાં આવી હતી તેનો આજે વિસર્જન કાર્યક્રમ મોડાસાની સેવાકીય સંસ્થા જાયન્ટ્સ પરિવાર મોડાસા (જાયન્ટ્સ મોડાસા, જાયન્ટ્સ સહિયર મોડાસા)અને શ્રી લલીતાબા સોની બી.એડ કોલેજ દ્વારા સંયુક્ત ગણપતિ બાપા ની આરતી ,મહાપ્રસાદ ત્યારબાદ વિસર્જન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આકાર્યક્રમમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ના વાઈસ ચેરમેન નિલેશ જોશી જાયન્ટ્સ મોડાસા પ્રમુખ પ્રવિણ પરમાર જાયન્ટ્સ સહિયર મોડાસા પ્રમુખ ચંદ્રિકાબેન દરજી મંત્રી બકુલાબેન વાઘેલા જાયન્ટ્સ પરિવારના સભ્યો ભાઈઓ બહેનો અને કોલેજ ના પ્રોફેસર સ્ટાફગણ કર્મચારી સ્ટાફ અને ખૂબ મોટી સંખ્યામાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ટ્રેડિશનલ ડ્રેસ, રાસ ગરબા સાથે જોડાયા હતા

પ્રાંતિજ ફોટો સ્ટુડિયો એસોસિએશન દ્વારા પદયાત્રીઓ માટે લીંબુ સરબત પાણીની વ્યવસ્થા કરવામા આવી

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ફોટો સ્ટુડિયો એસોશિયેશન ગુપ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે લીંબુ સરબત, પાણી ની વ્યસ્થા કરવામા આવી હતી. અંબાજી ખાતે ભાદરવી પૂનમ ને લઈ ને જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે પણ પદયાત્રીઓથી રોડ રસ્તા ઉભરાય રહ્યા છે અને જ્યા જુઓ ત્યા માં અંબાના દર્શનાર્થે દિવસ રાત ૧૦૦ થી પણ વધારે પદયાત્રીઓ ના સંઘો તથા હજારોની સંખ્યામા પદયાત્રીઓ રોડ ઉપર થી પ્રસાર થતા હોય છે ત્યારે પ્રાંતિજ ફોટો ગ્રાફર એસોશિયેશન પણ પોતાને કોરોના કાળ મા ધંધા રોજગાર બંધ રહેતા પડેલ મુશ્કેલીઓને પણ ભુલીને જગતજનની મા અંબાના દર્શનાર્થે જઈ રહેલ પદયાત્રીઓ અને સંઘ ની સેવામા જોડાયા છે અને ફોટો સ્ટુડિયો એસોશિયેશન દ્વારા પોતાના થી બનતી સેવાઓ એટલે કે પદયાત્રીઓ માટે ખાસ જરૂરીયાત એવુ લીંબુ સરબત અને સાથે ઠંડા પાણીની વ્યવસ્થા સાથે પદયાત્રીઓને બે ઘડી આરામ મળે તે માટે પ્રાંતિજ ના જેસગપુરા પાટીયા પાસે ટેન્ટ ઉભો કરી વ્યવસ્થા કરવામા આવી છે તો ફોટો સ્ટુડિયો એસોશિયેશન ગુપ દ્વારા પોતે પોતાના ત્રણ દિવસ માટે ધંધારોજગાર બંધ પાડી માં અંબાના દર્શનાર્થે જતા પદયાત્રીઓની સેવામા લાગ્યા છે ત્યારે હાલતો ગરમીએ જોર પકડયુ છે ત્યારે ફોટો સ્ટુડિયો એસોશિયેશન દ્વારા ઠંડા પાણી ની સાથે લીંબુ સરબત ની ખાસ તો બપોર ના સમયે વ્યવસ્થા કરવામા આવી છે આ ફોટોગ્રાફર ટેન્ટ ખરેખર પદયાત્રીઓ માટે આશીર્વાદ રૂપ બન્યો છે અને દિવસ દરમ્યાન પ્રસાર થતા હજારો ની સંખ્યા મા ભાઈ ભકતો ને લીંબુ સરબત ની સેવા આપતા પ્રાંતિજ ફોટો સ્ટુડિયો એસોશિયેશન ગુપ પણ હાલતો કોરોના મા પડેલ ધંધા ઉપરના માર ને ભુલી ગયો હોય તેમ ખુશ જોવા મળ્યો હતો અને હજારો માઈ ભકતો ના આશીર્વાદ ઝીલી ધન્યતા અનુભવી હતી તો ફોટોગ્રાફર એસોશિયેશન પ્રમુખ સતિષભાઈ પ્રજાપતિ, અમિતસિંહ, સુરેશ ભાઈ , પંકજભાઈ, રાજુભાઈ રાવળ, ગીરીશભાઈ પટેલ, સુભાષભાઈ સોલંકી, અનુજભાઈ પરમાર સહિત ના ફોટો સ્ટુડિયો એસોશિયેશન ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આપના દ્વારે, ઉત્તર ગુજરાતમાં ૫૦ કિ.મી.ના અંતરે બ્લડ બેંક શરૂ કરવાની વિચારણા

મોડાસા, તા. ૬

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લાનો આપના દ્વારે કાર્યક્રમ મોડાસા ખાતે યોજાઈ ગયો, જેમાંજિલ્લા સાંસદ દીપસિંહ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડિયન સોસાયટી દ્વારા જિલ્લામાં કરવામાં આવતી કામગીરીને લઈને સમિક્ષા કરાઈ હતી. છેવાડાના વ્યક્તિ સુધી ઈન્ડિયન સોસાયટીની સેવાઓ પહોંચે તે માટે આગામી દિવસોમાં પ્રયાસો કરવામાં આવનાર છે તેવું ચેરમેન અજય પટેલે જણાવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે, પચાસ કિ.લી મીટરના અંતરે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને બ્રાન્ચ ઉત્તર ગુજરાતમાં શરૂ કરાશે જેથી જરૂરિયાત મંદ વ્યક્તિને આપતકાલ સ્થિતિમાં બ્લડ મળી રહે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જુનિયર અને યુથ રેડ ક્રોસ માં યુવાનો જીવનમાં લક્ષ પ્રાપ્ત કરી આગળ વધે તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય તેઓ દેશના સારા નાગરિક અને સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. શાબ્દિક સ્વાગત કરતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લાના ચેરમેન ભરતભાઈ પરમારને તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું, તેમણે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કામગીરીને શ્રોઠીઓ સમક્ષ મુકી હતી અને આગામી દિવસોમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કેવી રીતે કામગીરી કરી શકાય તેનો રૂપરેખા પણ પ્રસ્તુત કરી હતી. મોડાસા રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમારે આ કાર્યક્રમ લક્ષી સારી એવી રૂપરેખા અને અભિયાન પોતે ચલાવી રહ્યા છે જેમાં તેઓએ કહ્યું કે રેડ ક્રોસ સોસાયટી કેટલીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે જેઓ લોકજાગૃતિ પ્રાથમિક સારવાર, શિક્ષણક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે તેમજ સમાજ સેવાકીય પ્રવૃત્તિઓમાં અત્યાર સુધી યોગદાન આપી રહ્યા છે. આ સાથે જ હાલમાં ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા તાલુકાકક્ષાની બ્રાન્ચ માટે મકાનની ફાળવણી કરવામાં આવતા પંચાયતના સરપંચનો પણ આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અરવલ્લી જિલ્લા સાંસદ દીપસિંહ રાઠોડ, રાજ્યસભા સાંસદ રમીલાબહેન બારા, અમુલના ચેરમેન શામળભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, મહેસાણા ભાજપ પ્રભારી કનુભાઈ પટેલ, ધી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ હેમલત્તાબહેન પટેલ, કટલરી કરિયાણા સહકારી શરાફી મંડળના ચેરમેન ઈસ્માઈલભાઈ દાદુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના ઉમા હોલ ખાતે આયોજિત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના આપના દ્વારે કાર્યક્રમનું આયોજન અરવલ્લી જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના આગેવાનોદ્વારા કરવામાંઆવ્યુંહતું, જેમાં ચેરમેન ભરતભાઈ પરમાર, વાઈસ ચેરમેન એ.એસ.પટેલ, સેક્રેટરી રાકેશભાઈ જોષી, ટ્રેઝરર જીતેન્દ્રભાઈ અમીન દ્વારા ભારે જહેમત ઉઠાવવામાંઆવી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાના આગેવાનો ચેરમેન અજય પટેલ, વાઈસ ચેરમેન અજય દેસાઈ, જનરલ સેક્રેટરી પ્રકાશ પરમાર, ઉત્તર ઝોન કો ઓર્ડિનેટર અનિલ નાયક પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરા તાલુકાની રમોસ પ્રાથમિક શાળાના પટેલ છાયા બહેનનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરાયું

ધનસુરા, તા. ૬

સરકાર શ્રી દ્વારા તાલુકા જીલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામા આવ્યા હતા.અરવલ્લીમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ધનસુરા તાલુકાની રમોસ પ્રાથમિક શાળાના પટેલ છાયા બહેનનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરાયું હતું.જેમાં ગ્રામ વિકાસ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ અને અરવલ્લી કલેકટર ડો.નરેન્દ્ર કુમાર મીના દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી સન્માન કરવામાં આવ્યું હતું. પટેલ છાયા બહેને રાજ્ય કક્ષાએ ગ્રીષ્મોત્સવમાં તજજ્ઞ તરીકે યોગદાન આપેલ છે.જિલ્લા કક્ષાએ ઈનોવેશન ફેસ્ટિવલ માં પ્રથમ નંબરે આવી અને રાજ્યકક્ષાએ ઈન્ટરનેશનલ ફેસ્ટિવલમાં સારું પ્રદર્શન કરેલ છે. ખેલ મહાકુંભમાં શાળાની વિદ્યાર્થીનીઓને રાજ્યકક્ષા સુધી માર્ગદર્શન આપેલ છે. તેમજ કલા મહાકુંભ અને અન્ય શાળાકીય પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ છે.તેઓએ શાળા વિકાસ માટે પ્રસંશનીય પ્રયત્ન હાથ ધરેલ છે,જે અન્ય શિક્ષક સ્ત્રીઓ ને પ્રોત્સાહિત કરવા તેમજ માર્ગદર્શકરૂપ બની રહેશે. તેમને મળેલ આ સન્માન બદલ સૌ એ અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર દર વર્ષે રોડ યુથ જંકશન દ્વારા ગણપતિ મહોત્સની ધામધૂમક પૂર્વક ઉજવણી કરવામાં આવે છે ગણપતિ દાદાના ભક્તોના આરોગ્યની ચિંતા કરી મંડળ દ્વારા સરકારી આયુર્વેદિક અને હોમિયોપેથીક તબીબોના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.